પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૪ ૭ માર્ચ, ૨૦૧૮, બુધવાર ; ફાગણ વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મંગળ બન્યો 'અમંગળ'

## રંઘોળા પાસે જાનૈયાઓ ભરેલી ટ્રક નાળામાં ખાબકતા ૩૧ના મોત

**અનિડા ગામમાં માતમ છવાયો : પ્રધાનમંત્રી-મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યુ : રાજ્ય સરકારની મૃતકોને ૪ લાખની સહાયની જાહેરાત : અકસ્માત અંગે તપાસના આદેશ**





**લગ્નની ખુશી, કાળનો ચાકડો અને માતમનો માંડવો : રાજકોટ-ભાવનગર હાઈ-વે બન્યો રક્તરંજીત : વરરાજાના માતા-પિતા અને દાદીના પણ અકસ્માતમાં મોત : વરરાજાએ છેલ્લી ઘડીએ ટ્રકમાં જવાનું માંડી વાળતાં બચી ગયા, વરરાજાના ભાઈ-ભાભી, બહેનનો બચાવ, ૪૦થી વધુ લોકો ઘાયલ : વિધાનસભામાં પણ મૃતકોને શ્રદ્ધાંજલી અપાઇ : કોળી સમાજ સહિત સૌરાષ્ટ્રભરમાં શોકનું મોજ**

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી મૃતકો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી

બોટાદના રંઘોળા પાસે જાનૈયાઓને લઈને જતી ટ્રક બ્રીજ નીચે ખાબકતાં મોટી કરૂણાંતિકા ઘટી છે. આ અકસ્માતમાં ૨૫ જાનૈયાઓના મોત નિપજ્યાં છે. ત્યારે વડાપ્રધાન મોદીએ આ ગમખ્વાર અકસ્માત અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરી મૃતકો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે. સાથે જ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તેવી પણ પ્રાર્થના કરી છે. આ ઉપરાંત અન્ય એક ટ્વીટમાં બિહારમાં થયેલા અકસ્માતનો પણ ઉલ્લેખ કરી દુઃખ વ્યક્ત કર્યું છે. વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરી કહ્યું કે, "મારી સહાનુભૂતિ તે તમામ લોકો સાથે છે જેઓએ ગુજરાતના રંઘોળા નજીક થયેલાં અકસ્માતમાં પોતાના સ્વજનોને ગુમાવ્યાં છે. આ અકસ્માત ઘણો જ દુઃખદાયક અને વેદના આપનારો છે. આ અકસ્માતમાં જેઓ ઈજાગ્રસ્ત થયાં છે તેઓ પણ જલ્દીથી સાજા થાય તેવી પ્રાર્થના."

ભાવનગર,તા.૬

ભાવનગર રાજકોટ હાઈવે પર જાનૈયાઓને લઈ જતી ટ્રક નાળામાં ખાબકતા ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં ૩૦થી વધુ લોકોના મોતની આશંકા છે અને હજુ મૃત્યુઆંક વધે તેવી શક્યતો દર્શાવાઈ રહી છે. ૬૦થી વધુ જાનૈયાઓ ભરેલી ટ્રક રંઘોળા ગામ પાસેથી પસાર થતી હતી. ત્યારે તે ટ્રક નાળામાં ખાબકી હતી અને નાળામાં ટ્રક ઉંધી પડતા સંખ્યાબંધ લોકો ટ્રકની નીચે દબાયા હતા. આ ઘટના અંગે વરરાજાને અજાણ રાખવામાં આવ્યા હતા. કમનસીબી એ છેકે, વરરાજાના માતા-પિતાના મોત થયાના સમાચાર વચ્ચે દિકરો લગ્ન કરી રહ્યો છે. મુખ્યમંત્રીએ પણ સંવેદના વ્યક્ત કરી મૃતકને ૪ લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે. ઘટના અંગે પણ તપાસના આદેશ કરાયા છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તે માટે તેમણે જિલ્લાના આરોગ્ય અને વહીવટી તંત્ર ને સૂચનાઓ આપી છે. મૃતકોના મૃતદેહ પરિવાર જનો ને ત્વરાએ સોંપવામાં આવે તથા ઘટનાની તપાસ માટે પણ મુખ્યમંત્રી એ આદેશો આપ્યા છે.

અનિડા ગામના કોળી પરિવારની જાનને આ અકસ્માત નડ્યો છે. ગમખ્વાર અકસ્માતની જાણ થતા ભાવનગરની ૧૦૮ એમ્બુલન્સની ૧૦૮ ગાડીઓની મદદ લેવામાં આવી હતી અને ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને લઈને સ્થાનિકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા અને બચાવ કામગીરીમાં જોડાયા હતા. સવારે ટ્રક નાળામાં ખાબકીને ટ્રક નીચે દબાયા હતા

● અનુસંધાન પાન-૭ પર

### અનિડા ગામમાં ૨૦૦ની વસ્તીમાંથી ૨૦નાં મોત : નથી સ્મશાન કે કોઈ પાકુ મકાન!

અનિડા,તા.૬

બોટાદના રંઘોળા ગામ નજીક થયેલા અકસ્માતમાં ૩૨ જેટલા લોકોનાં મોત થયા છે. તમામ મૃતકો સિહોરના અનિડા ગામથી બોટાદના ટાટમ ગામ ખાતે જાનમાં જઈ રહ્યા હતા. આ સમયે રંઘોળા ખાતે અકસ્માત નડ્યો હતો. ગમખ્વાર અકસ્માતમાં કાળનો કોળિયો બની જનાર ૩૨ જેટલા લોકોમાંથી અનિડા ગામના જ ૨૦થી વધુ લોકોનો સમાવેશ થાય છે.

અનિડા ગામ વિશે વાત કરીએ તો ગામની વસ્તી માંડ ૨૦૦ જેટલી છે. ગામમાં મોટા ભાગની વસ્તી કોળી સમાજની છે. ગામના લોકો એટલા ગરીબ છે કે અહીં કોઈને રહેવા માટે પાકા મકાન પણ નથી. ગામમાં ૫૦ જેટલા નાના મોટા મકાનો આવેલા છે. મોટા ભાગના મકાનો કાચા છે. આ ગામ પહાડોથી ઘેરાયેલું છે. ગામ એટલું પછાત છે કે અહીં સ્મશાનની પણ કોઈ વ્યવસ્થા નથી. જેના ઘરે લગ્ન હતા તે વાઘેલા પરિવારનું મકાન હાલમાં તૂટી ગયેલી હાલતમાં છે. પોતાના ઘરે લગ્નનો પ્રસંગ હોવાથી આ પરિવાર અન્યના ઘરમાં રહેતો હોવાની માહિતી પણ મળી રહી છે.

# પીએનબી ફ્રોડ મામલે ચંદા કોચર, શીખા શર્માને નોટિસ

**સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટીગેશન ઓફિસ દ્વારા સમન્સ જારી કરાયા : સિરિયસ ફ્રોડ ઇન્વેસ્ટીગેશન ઓફિસ દ્વારા ચંદા કોચર તેમજ શીખા શર્માની પણ ફ્રોડના સંદર્ભમાં પુછપરછ થઇ શકે : સુનિલ મહેતાની સામે પણ સમન્સ**



નવી દિલ્હી,તા. ૬

પંજાબ નેશનલ બેંક ફ્રોડ મામલામાં તપાસ ઝડપથી આગળ વધી રહી છે. હવે સિરિયસ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસે આઈસીઆઈસીઆઈ બેંકના સીએમડી ચંદા કોચર અને એક્સિસ બેંકની શીખા શર્માને નોટિસ ફટકારી છે. સુત્રોના કહેવા મુજબ ૩૧ બેંકોના કન્સોર્ટિયમે હિરા કારોબારી નિરવ મોદી અને મેહુલ ચોકસીના ગીતાંજલિ ગ્રુપને ૫૨૮૦ કરોડ રૂપિયાની વર્કિંગ કેપિટલ ફેસિલિટી આપી હતી. આ દરમિયાન પીએનબી ફ્રોડ કેસમાં સીબીઆઈએ ગીતાંજલિ ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ (બેંકિંગ ઓપરેશન) વિપુલ ચિતાલિયાને કસ્ટડીમાં લઈ લીધા છે. સુત્રોના કહેવા મુજબ તેમને પુછપરછ માટે લઈ જવામાં આવ્યા છે. સિરિયલ ફ્રોડ ઈન્વેસ્ટીગેશન ઓફિસે આ મામલામાં પહેલાથી જ પીએનબીને નોટિસ જારી કરી હતી. હવે એજન્સીએ કેટલીક બેંકો પાસેથી પણ આ સંદર્ભમાં જવાબની માંગ કરી છે. સુત્રોના કહેવા મુજબ આઈસીઆઈસીઆઈ બેંકે ૪૫૦ કરોડ રૂપિયાની લોન ગીતાંજલિ ગ્રુપને આપી હતી. આ ઉપરાંત એક્સિસ બેંકે પણ મોટી રકમ આ

● અનુસંધાન પાન-૭ પર

# કાર્તિ ચિદમ્બરમ વધુ ૩ દિવસ કસ્ટડીમાં : મોબાઈલ સીઝ કરાયો

**પાસવર્ડ માંગવા ઉપર કાર્તિએ ગો ટુ હેલ કહ્યું હોવાની સીબીઆઈ દ્વારા કોર્ટમાં રજૂઆત : ચિદમ્બરમ ઉપસ્થિત રહ્યા**



નવી દિલ્હી,તા. ૬

આઈએનએક્સ મીડિયા કેસમાં લાંચ લેવાના મામલે આરોપી રહેલા કાર્તિ ચિદમ્બરમને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે કોર્ટે તેમની કસ્ટડીને વધુ ત્રણ દિવસ માટે વધારી દીધી છે. આ મામલે સીબીઆઈ અને કાર્તિના વકીલ તરફથી જોરદાર દલીલો કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા કોર્ટ પાસેથી વધુ નવ દિવસના કસ્ટડીની માંગ કરી હતી. સીબીઆઈનુ કહેવુ છે કે તેમની પાસે આ મામલે કેટલાક નવા પુરાવા આવી ગયા છે. જેથી તેમની વધારે સઘન પુછપરછ માટેની જરૂર દેખાઈ રહી

● અનુસંધાન પાન-૭ પર

## યુપી પેટાચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડશે

નવી દિલ્હી,તા. ૬

એકબીજાના નક્કર હરિફ બહુજન સમાજપાર્ટી અને સમાજવાદી પાર્ટીએ ઉત્તરપ્રદેશની પેટાચૂંટણીમાં ગઠબંધન કરવાના હેવાલ વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ મહત્વપૂર્ણ નિવેદન કરતા કહ્યુ છે કે તે કોઈની સાથે ગઠબંધન કરશે નહી. કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટતા કરી છે કે તેના પોતાના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે.

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પ્રમુખ રાજ બબ્બરે કહ્યુ છે કે કોંગ્રેસે ફુલપુર અને ગૌરખપુર સંસદીય સીટ માટે યોજાનાર ચૂંટણી માટે પહેલાથી જ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસ અન્ય કોઈ પાર્ટી સાથે ગઠબંધન કરનાર નથી. કોંગ્રેસ પાર્ટી અન્ય પાર્ટીઓ વચ્ચે સહમતિથી બનેલા ગઠબંધન સામે એકલા હાથે લડશે.




# સેંસેક્સ ૪૩૦ પોઈન્ટ ઘટીને ૩૩૩૧૭ની નીચી સપાટીએ

**સવારના કારોબારમાં રિકવરી બાદ કારોબારના અંતે મોટો કડાકો શેરબજારમાં દિવસ દરમિયાન ભારે અફડાતફડીનો દોર રહ્યો**

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. શરૂઆતી કારોબારમાં તેજી રહ્યા બાદ અંતે વેચવાલી અને અન્ય નકારાત્મક પરિબળો વચ્ચે મોટો કડાકો બોલી ગયો હતો. બીએસઈ સેંસેક્સ કારોબારના અંતે ૪૩૦ પોઈન્ટ ઘટીને ૩૩૩૧૭ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૧૧૦ પોઈન્ટ ઘટીને ૧૦૨૪૯ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં નેશનલ સ્ટોક એક્સચેંજમાં બાવન સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી. ઈન્ડેક્સ ખુબ નીચી સપાટીએ પહોંચ્યો હતો. બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, અલ્હાબાદ બેંક, આંધ્ર બેંકમાં ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સ ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન એનએસઈના બાવન સપ્તાહની નીચી સપાટીએ રહ્યો હતો. એશિયન શેરબજારમાં આજે રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી હતી.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ ઉપર લાદવામાં આવેલા ચાર્જને લઈને રાજકીય પક્ષો તરફથી દબાણનો સામનો કરી રહ્યા છે. આના કારણે ટ્રેડવોરની શક્યતા દેખાઈ રહી છે.

જાપાની કારોબારમાં પાંચ દિવસથી ચાલતી મંદી ઉપર બ્રેક મુકાઈ હતી અને જાપાન નિક્કીમાં ૧.૮ ટકાનો ઉછાળો પાંચ મહિનાની નીચી સપાટીથી જોવા મળ્યો હતો. અમેરિકી શેરબજારમાં નોંધાયેલી તેજીની અસર સવારમાં જોવા મળી હતી. જો કે મોડેથી તમામ રિકવરી ખતમ થઈ હતી અને અંતે મોટો ઘટાડો ભારતીય શેરબજારમાં જોવા મળ્યો હતો.

### રોકાણકારોએ પાંચ સેશનમાં ૪.૩૦ લાખ કરોડ ગુમાવ્યા

મુંબઈ, તા. ૬

શેરબજારમાં ભારે અફડાતફડીનો દોર જારી રહ્યો છે. છેલ્લા પાંચ કારોબારી સેશનમાં મૂડીરોકાણકારોએ ૪.૩૦ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા છે. આજે ૧.૫૪ લાખ કરોડ રૂપિયા કારોબારીઓએ ગુમાવી દીધા હતા. બીએસઈ બેંચમાર્ક સેંસેક્સમાં ૪૩૦ પોઈન્ટનો ઘટાડો આજે જોવા મળ્યો હતો. આની સાથે જ સેંસેક્સ ૩ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. વૈશ્વિક બજારમાં તેજી હોવા છતાં વેચવાલીના દબાણ હેઠળ બેંકિંગ શેરોમાં કડાકો બોલી ગયો હતો. બ્રોડર માર્કેટમાં ઉત્સાહજનક પ્રવાહ જોવા મળ્યો હતો.

